# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૯ • તા. ૧૧ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




## સમાજસેવાની ભવ્ય પરંપરાના મશાલચી

# શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી

દહીંનું થોડું મેળવણ વિપુલ
માત્રામાં રહેલ દૂધને
દહીંમાં ફેરવે છે.
એમ સમાજમાં થોડાક
સારા માણસો જો હોય
તો તેઓ સમગ્ર સમાજને
સહેજમાં બદલી શકે છે.

**- હરીભાઈ કોઠારી**



**- નીશિથ આનંદ દંડ**



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આેગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જૂનું અને નવું :
# એક સિક્કાનાં બે પાસા

દરેક વાતને બે બાજુ હોય છે સારીને ખરાબ. દરેક ચીજ વસ્તુને બે બાજુ હોય છે. ઉતમ અને અયોગ્ય તેમ દરેક વ્યક્તિના બે પાસા હોય છે. સારૂ અને નરસું. આપણે કોની કઈ બાજુ જોઈએ છીએ એ તરફનો હિસ્સો આપણને વધુમાં વધુ જોવા, જાણવા મળે છે. એવું સમય કાળ માટે છે. ભૂતકાળ અને વર્તમાન કાળ, નેતૃત્વ માટે જૂનું અને નવું.

નેતૃત્વ કરનારા, સંઘ કે સંસ્થાની બાગડોર સંભાળનારા જૂના સમયના હોય તો ઠરેલ, ઠાવકા, અનુભવી અને જ્ઞાની હોય છે. જ્યારે નવા, યુવા ઉંમરના અધિરા, ઉમંગથી ઉછળતા તરવરીયા અને ઝટ પરિણામને ઝંખનારા હોય છે.

બન્ને અવસ્થાને પોતાના ગુણ હોય છે. જેને મેળવીને ચલાવાય તો એ લાંબો રસ્તો કાપે એ હકીકત છે. આંખ અને પાંખનો સમન્વય પક્ષીને ગગન ગામી બનાવે છે. સફળતા પામવા આ બન્ને પક્ષોનું સંયોજન જરૂરી છે એ પણ એક અટલ સત્ય છે જેને સ્વીકારવું રહ્યું. પડકારનો સામનો કરવો જરૂરી છે. એટલું જ સમાધાન માટેની મંત્રણા પણ જરૂરી છે. આંધીને નાથવા બાવડા ચડાવીને આગળ વધનારનું મહત્વ છે એટલું જ મહત્વ તેને કેવી રીતે શાંત કરી શકાય તેવા ઉપાય કરનારની પણ છે.

યુવા શક્તિની ઝઝૂમવાની તાક્ત પર મુસ્તાક કવિની કલમમાંથી એટલે જ તો લખાયું છે કે,

મોત જેવા મોતને પડકાર નારા ક્યાં ગયા?
શત્રુના યે શૌર્ય પર, વારી જનારા ક્યાં ગયા?
ગર્વથી ચકચૂર સાગરની ખબર લઈ નાખવા,
નાવડી વમળો મંહી ફંગોળનારા ક્યાં ગયા?

કવિ નર્મદની હાકલ યા હોમ કરીને પડો ફતેહ છે આગે જેવી ભાવના હૈયામાં ઉછાળા મારતી હોય ત્યારે સમાધાન અને શાંતિનો લેપ કરનાર ઈલમી તબીબ કે અનુભવી હકીમ જ ઉપયોગી થઈ રહે છે.

વાદ અને સંવાદ, સંઘર્ષ અને સમાધાન, ક્રાંતિ અને શાંતિને જાળવવા બુધ્ધિબળ, બાહુબળ, ચાર્તુય અને વિચક્ષણ, દીર્ઘદ્રષ્ટિ પણ જરૂરી છે. આમ આ બન્નેના સમન્વયથી જ ધારી સફળતા મેળવી શકાય છે.

જય જ્ઞાતિમૈયા

# સમાજસેવાની ભવ્ય પરંપરાના મશાલચી

# શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી



ફક્ત ક.દ.ઓ. જ્ઞાતિ જ નહીં, પરંતુ મુંબઈ અને કચ્છમાં અગ્રગણ્ય ગણાતા અરજણ ખીમજીના ગૌરવશાળી કુટુંબમાં પિતાશ્રી ભવાનજી અરજણ ખીમજી અને માતુશ્રી ઝમકુબેનની કુખે ૧૪મે ૧૯૪૦ના ભાઈશ્રી હંસ ભવાનજી અરજણ ખીમજીનો જન્મ થયો. પિતાશ્રીના વિરાટ વ્યક્તિત્વ અને મોભી કુટુંબની જવલંત મશાલરૂપી પરંપરાને હંસભાઈ આજે ૭૮ વર્ષની ઉંમરે પણ સુપેરે આગળ ધપાવી રહ્યા છે.

શાળા શિક્ષણ પૂરૂં કર્યા પછી તરત જ તેમના કુટુંબની કોટનનો બીઝનેસ કરતી પ્રખ્યાત કંપની અરજણ ખીમજી એન્ડ કું.માં જોડાયા. ત્યારબાદ તેઓએ નરસી કોટનમાં પણ સેવાઓ આપી. કચ્છ સોલ્ટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ સાથે પણ તેઓ ઘણા વર્ષો સુધી સંકળાયેલા રહ્યા. ભવાનજી અરજણ ખીમજી જીનિંગ એન્ડ પ્રેસિંગ કં. પ્રાઈવેટ લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર પદે રહ્યા અને હાલ પણ હંસ કોટન ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિ.નું મેનેજિંગ ડાયરેક્ટર પદ શોભાવી રહ્યા છે.

હંસભાઈએ યુવાવયે યુવાનોમાં નેતૃત્વના ગુણો વિકસાવતી આંતરરાષ્ટ્રીય સંસ્થા જુનિયર ચેમ્બર ઓફ કોમર્સ (જે હ વે જેસીઝ ઈન્ટરનેશનલ તરીકે ઓળખાય છે) તેમાં જોડાઈ ૧૯૭૩માં માનદ્ સેક્રેટરી અને ૧૯૭૪માં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે અનન્ય સેવાઓ આપી. ૧૯૭૨માં તેમને બેસ્ટ જેસી એવોર્ડથી સન્માનવામાં આવ્યા અને જેસીઝ ઈન્ટરનેશનલ દ્વારા તેમને લાઈફ મેમ્બરશીપ (સેનેટરશીપ) આપવામાં આવી.

જેસીઝ ઈન્ટરનેશનલની જેમ જ રોટરી ક્લબમાં તેમણે વર્ષો સુધી સેવાઓ આપી છે. ૧૯૭૦માં તેમને રોટરી ક્લબ ઓફ બોમ્બે અપટાઉનમાં જોડાવા આમંત્રિત કરાયા જ્યાં તેઓ વિવિધ સમિતિઓના ચેરમેન અને વાઈસ ચેરમેન પદે રહ્યા. ૧૯૭૦થી ૧૯૭૭ દરમ્યાન ક્લબનું ડાયરેક્ટર પદ પણ શોભાવ્યું.

ઈ.સ.૧૯૭૭માં તે વખતે ભારતની સૌથી મોટી ક્લબ-રોટરી ક્લબ ઓફ બોમ્બેમાં જોડાવા તેમને આમંત્રણ મળ્યું. અહીં એમણે ૬ વર્ષ ચેરમેન-ડાયરેક્ટર તરીકે, ૧૯૮૨-૮૩માં જોઈન્ટ સેક્રેટરી તરીકે અને ૧૯૮૩-૮૪માં સેક્રેટરી તરીકે સુંદર સેવાકાર્યો કર્યા.

શ્રી હંસભાઈ દ્વારા સમાજને અને રોટરી સંસ્થાને અપાયેલી ઉત્તમ સેવાને ધ્યાનમાં લઈને ૧૯૭૭માં રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૧૪૦ના ગર્વનરે તેમને રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૧૪૦ની ટીમમાં જોડાવા આમંત્ર્યા અહીં તેઓએ વિવિધ કમિટીઓના ડિસ્ટ્રીક્ટ ચેરમેન ઉપરાંત ડિસ્ટ્રીક સેક્રેટરી, ડિસ્ટ્રીક્ટ ટ્રેઝરર અને ગવર્નરના સ્પેશીઅલ મદદનીશ તરીકે ૧૫ વર્ષ જેટલા સુદીર્ઘ સમય સુધી અપ્રતિમ સેવાઓ આપી. આ સમય દરમ્યાન વિવિધ ડિસ્ટ્રીક્ટ ગવર્નરને વહીવટમાં તેમ જ ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સીસ અને એસેમ્બ્લીઝ સહિત વિવિધ ઈવેન્ટસનું આયોજન કરવામાં સહયોગ આપ્યો. આ ઉપરાંત વિવિધ ડિસ્ટ્રીક્ટ ગવર્નરોને ડિસ્ટ્રીક્ટ ૩૧૪૦માં નવી રોટરી ક્લબ્સ સ્થાપવામાં મદદરૂપ થયા.

આમ રોટરી ફાઉન્ડેશનમાં તેમનું યોગદાન અપ્રતિમ રહ્યું છે. શરૂઆતના વર્ષોમાં તો તેમનું યોગદાન સમગ્ર ભારતમાં સૌથી વધુ ૫૦,૦૦૦ ડોલર જેટલું રહ્યું હતું. રોટરી ઈન્ટરનેશનલે તેમની નિમણૂંક ભારતના 'અલ્ટરનેટ ફિરકલ એજન્ટ' તરીકે કરી હતી.

રોટરી ઈન્ટરનેશનલના ભારતની મુલાકાતે આવતા પ્રેસિડેન્ટ્સ દ્વારા એમની સેવાઓની ખૂબ પ્રશંસા થઈ છે. એક

## સમાજસેવાની ભવ્ય પરંપરાના મશાલચી શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી (ચોથા પાનેથી ચાલુ)

પ્રેસિડેન્ટે તેમને હુલામણું નામ 'નો પ્રોબ્લેમ હંસ' અને અન્ય એક પ્રેસિડેન્ટે તેમનું હુલામણું નામ 'રોટરી હ્યુમન ડાયનેમો' આપ્યું હતું.

ડૉ. શાંતિલાલ મહેતાના આમંત્રણથી તેઓ ક્લબ મહાબળેશ્વરની મેનેજિંગ કમિટીમાં જોડાયા હતા અને મુંબઈથી ૨૫૦ કિ.મી. દૂર આવેલી ક્લબના રોજ-બ-રોજના સંચાલનની જવાબદારી સુપેરે નિભાવી હતી. પાછળથી તેઓ આ ક્લબના માનદમંત્રી પણ નીમાયા હતા.

વિવિધ ક્લબો ઉપરાંત મુંબઈ, કચ્છ અને ગુજરાતની અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓને તેમની સેવાનો લાભ મળ્યો છે. તેઓશ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપજૂક શ્રી સંઘ-ખામગાંવના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને બુલઢાણાની ડિસ્ટ્રીક્ટ જીન પ્રેસ ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના પાસ્ટ પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે. ઈ.સ.૨૦૧૬ના જાન્યુઆરીમાં બેંગલોર ખાતે યોજાયેલી 'ગ્લોબલ સમિટ ઓન આઈ-ટી એન્ડ ઈમર્જિંગ બીઝનેસ'ના ઈવેન્ટ પાર્ટનર પણ તેઓ રહ્યા હતા.



પ્રથમ સમ્મેલન વખતે પ્રમુખ ભવાનજી શેઠની બાજુમાં બાળક હંસકુમાર શેઠ દેખાય છે જે ત્રણેય સમ્મેલનના સાક્ષી છે તથા ચોથા સમ્મેલનના પ્રમુખ સહયોગી બની રહ્યાં છે

આ ઉપરાંત આ વર્ષે શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા ડીસે. ૨૩-૨૪-૨૫ના યોજાનારા ચતુર્થ ક.દ.ઓ. જ્ઞાતિ સંમેલનના તેઓ શ્રી પ્રમુખ સહયોગી છે. આજે ૭૮ વર્ષની ઉમરે પણ તેઓ તેમની વહીવટી કુશળતા, અનુભવ અને ઉદારતાપૂર્વક અનેક સંસ્થાઓમાં વિવિધ પદે સેવા આપી રહ્યા છે, જેમાં ગુજરાતી કેળવણી મંડળના કારોબારી સમિતિના સભ્ય, શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મહાસમિતિના સભ્ય, સેવા મંડળ એજ્યુકેશન સોસાયટીના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓસવાળ જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટના ટ્રસ્ટી, જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી, શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરાના ટ્રસ્ટી, શ્રી તેરા પાંજરાપોળના ટ્રસ્ટી, શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના ટ્રસ્ટી ઉલ્લેખનીય છે. તાજેતરમાં જ જ્ઞાતિની વી.એલ.વી.જી. તરીકે પ્રખ્યાત ઘાટકોપર સ્થિત બોર્ડીંગને રૂા.૧૧ કરોડનું માતબર રકમનું સહયોગ આપી પોતાના પિતાશ્રી ભવાનજી અરજણ ખીમજીનું નામ એ કેમ્પસને આપીને તેમના નામને જવલંત કર્યું છે.

તદુપરાંત બોમ્બે પ્રેસિડેન્સી રેડિયો ક્લબ, ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા, પી.જે.હિન્દુ જીમખાના, પુના ક્લબ લિ., પી.વાય.સી., હિન્દુ જીમખાના (પુના), ધ ક્લબ મહાબળેશ્વર, હિઝ હાઈનેસ મહારાજા શ્રી છત્રસિંહજી હિંદુ જીમખાના ક્લબ (મહાબળેશ્વર) જેવી પ્રતિષ્ઠિત ક્લબોનું સભ્યપદ ધરાવે છે.

સમાજસેવા અને ડ્રાઈવિંગ તેમના શોખના વિષય રહ્યા છે અને ડ્રાઈવિંગમાં વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિએશન દ્વારા ફેબ્રુઆરી ૧૯૭૦માં યોજાયેલી ઓલ ઈન્ડિયા કાર રેલીમાં પ્રથમ ઈનામ મેળવી ચૂક્યા છે.

ઇ.સ. ૧૯૬૨ના ૩જી ડિસેમ્બરે ભારતીબેન સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા.

આવા ગર્ભશ્રીમંત, સંસ્કાર શ્રીમંત, સેવામૂર્તિ નરરત્ન શ્રી હંસભાઈ સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુષ્ય પામે અને એમની સેવાની સુવાસ અનંતકાળ સુધી ફેલાતી રહે એવી શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન તથા જ્ઞાતિમૈયા તરફથી શુભકામના.

# ૨૦ સપ્ટેમ્બરના રોજ સમસ્ત મહાજન દ્વારા મહિલાઓ માટે વર્કશોપનું આયોજન





શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનની નારી સશક્તિકરણ સમિતિની બીજી બેઠક તા.૪-૮-૨૦૧૮ના શનિવાર રોજે સવારે ૧૧ વાગે મળી જેમાં મુંબઈ તેમજ બહારગામથી બહેનો ઉત્સાહપૂર્વક સહભાગ લીધો હતો.

શરૂઆતે નવા આવેલ મેમ્બર બહેનોનો પરિચય સૌને કરાવાયો. ત્યાર બાદ પ્રથમ બેઠકની કાર્યવાહીની જાણ કરવામાં આવી. ત્યાર બાદ દરેક ગામના મહાજનોની પાસેથી ત્યાંની યુવા અને કાર્યદક્ષ બહેનોના પ્રોફાઈલ મંગાવવા માટે નક્કી થયું.

આ ઉપરાંત ૧ દિવસીય નેશનલ વર્કશોપ તા.૨૦ સપ્ટેમ્બર ગુરૂવાર રોજે મુંબઈ ખાતે યોજવાનું નક્કી થયું. જેમાં મહિલાઓને સ્વ નિર્ભરતા અને સશક્તિકરણ માટે કેમ સજ્જ થવું તે માટે માર્ગદર્શન સમજ અપાશે.

દરેક મહાજનોને વોટસઅપ દ્વારા ફોર્મ મોકલાવવા જેમાં જે તે ગામોમાંની આપણી જ્ઞાતિ બહેનો શું સમજ, જ્ઞાન ધરાવે છે અને પોતાની જ્ઞાન શક્તિ દ્વારા જ્ઞાતિ બહેનોને શું પ્રદાન કરી શકે એની માહિતી મંગાવાશે અને એમની



પ્રતિભાનો લાભ જ્ઞાતિ સમાજને ઉત્તમ રીતે મળે એવો સમન્વય કરવા મહિલા સશક્તિકરણ સમિતિનો ખ્યાલ છે. આમ ૧ દિવસીય મહિલા વર્કશોપ દ્વારા સમાજને કંઈક નક્કર આપવા સમિતિની કટિબધ્ધતા વ્યક્ત કરાઈ હતી.

મિટીંગમાં સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી નીશિથભાઈ દંડનું બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યું હતું.




SHREE KDO SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

SPONSORED BY

**HD FIRE PROTECT PVT. LTD.**

**HOTEL TIP TOP PLAZA,**
LBS Road, Thane (W)
1ST SEPTEMBER 2018, 10 AM - 2 PM

*Register Now*
**http://bit.ly/kdojobfair**
*OR SCAN THE QR CODE*
*Email us your Resume on*
yuva@kdosamastamahajan.org

Contact us : **9769981860 | 9833474744 | 7303093827**

KDO Samast Mahajan Yuva
@kdoyuva
www.kdosamastamahajan.org

# વ્યાપાર વિકાસ સમિતિ (B2B)ની મિટીંગ યોજાઈ




શનિવાર તા.૪ ઓગસ્ટ રોજ બપોરે ૨.૩૦ કલાકે વી.એલ.વી.જી. ઘાટકોપર ખાતે પ્રથમ બેઠક યોજાઈ હતી. જેમાં જ્ઞાતિના વ્યાપારીઓ, બિઝનેસમેનોને ઓનલાઈન-વેબલીંકથી જોડી વ્યાપાર વધારવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય એ માટે વિસ્તૃતપણે ચર્ચા વિચારણ કરાઈ હતી. કેડીઓ B2Bની વેબસાઈટ તૈયાર કરવાનું નક્કી કરાયું.

આધુનિક યંત્રણાનો ઉપયોગ કરી જ્ઞાતિના વ્યાપારીઓનું લીસ્ટ જેમાં તેમની સંપૂર્ણ વિગત-માહિતી હોય એવી ડીરેક્ટરી જેમ બને તેમ જલદી તૈયાર થાય અને એના ઉપયોગથી એકબીજાની સાથે સૌ જોડાય એવો પ્લાનનો અમલ તાત્કાલિકપણે કરવા આયોજન ગોઠવવાનો નિર્ધાર વ્યક્ત કરાયો હતો.

આપણી જ્ઞાતિનું ભારતભરમાં વ્યાપાર કેમ વધે તેના માટેના અલગ અલગ ક્ષેત્રે પાંચ સેમિનાર યોજવામાં આવશે.

કેડીઓ B2Bની વેબસાઈટ તૈયાર થયા બાદ બિજનેસ માટેની એન્ટ્રીઓને વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે એના માટે ગુગલ ફોર્મની લીંક ટુંક સમયમાં જ્ઞાતિમૈયામાં મૂકવામાં આવશે.

વ્યાપાર વિકાસ સમિતી B2Bના કો-ઓર્ડીનેટર શ્રી રાજેશ મોમાયા (ચેન્નઈ)એ સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડને પુષ્પગુચ્છ આપી સન્માન કરેલ.






Estd. 1954
Shree KDO Students Association
ON OCCASION OF
65TH ESTABLISHMENT DAY
Organise's
SAWALOTSAV
Sawalo Ki Sham...
QUIZ
Aapke Naam...!
1
2
3
4
19th AUGUST 2018,
Sunday 2.30 PM Onwards
Zaverben Popatlal Auditorium, Near Ghatkopar Station East.
For Details & Registration
9769502277 EKTA | 8291929343 LABDHI
Email us : shreekdovs@gmail.com
Follow Us on Social Media | / Shreekdovs

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા દ્વારા ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ચર્ચા વિચારણા કરવા માટે 'સ્નેહમિલન'




ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ચર્ચા વિચારણા કરવા માટે 'સ્નેહમિલન' મિટીંગ રવિવાર તા.૫-૮-૨૦૧૮ના બપોરના ૩ કલાકે હોટલ અર્ચના રેસીડન્સી, મુલુંડના બેંક્વેટ હૉલમાં નલીયાવાસી જ્ઞાતિજનો એવં નિયાણી બહેનોની એક સભા રાખવામાં આવી હતી. જેમાં ૧૫૦ જણ ભારે ઉત્સાહથી જોડાયા હતા અને વિવિધ વિષયે ચર્ચામાં ભાગ લીધો હતો. નલીયા મહાજનના પદાધિકારીઓ સૌ હાજર રહ્યાં હતા.

નરશી નાથા ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વિરેન્દ્ર લોડાયા, શ્રી ક.દ.ઓ. (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ચેતન માણેકચંદ્ર ખોના અને નલીનપુર નારીનીગમના વડીલ શ્રીમતી હીરાબેન ખોના તથા શેઠશ્રી નરશીનાથાના વંશજ શ્રી દિલીપ કુસુમકાંત નાગડા મંચસ્થ રહ્યાં હતાં.

ચતુર્થ સંમેલનમાં વ્યવસ્થા બાબત ચર્ચા વિચારણા કરાઈ હતી. વોલીયન્ટર ગ્રુપ માટે યંત્રણા ઉભી કરવાનું નક્કી થયું હતું અને સંમેલનના અંતીમ દિવસે સવારના નવકારશી અને બપોરના જમણના લાભાર્થી બનવાનું નક્કી કરાયું હતું. વિવિધ વિષયે ચર્ચા કરી, યંત્રણા ગોઠવવા સંબંધીતોને જણાવાયું હતું અંતે અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા હતાં.







ભવ્ય
એક્ઝીબીશન
એક્સકલુઝીવ ડિઝાઈનર ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરી
૨૩ ઓગસ્ટ થી ૨૬ ઓગસ્ટ
સવારે ૧૦.૩૦ થી ૮.૦૦
મહેશ શામજી ગોગરી
૯૮૨૧૧ ૧૦૮૯૫
મંથન મહેશ ગોગરી
૯૮૩૩૦ ૯૬૪૯૯
(નાગલપુર-બારોઈ)
સુરેશ ડૉ. નાનાલાલ દેઢિઆ
૯૮૧૯૦ ૮૭૧૫૫
ભવ્ય સુરેશ દેઢિઆ
૯૮૬૭૬ ૩૨૧૮૯
(નાગલપુર-દેવપુર-ગઢશીશા)
M
MOKKSH
DESIGNER GOLD & DIAMOND JEWELLERY
એફ/4, શ્રીરંગ બિલ્ડીંગ,
ચંદાવરકર રોડ, રામવાડીની સામે,
માટુંગા (સે.રે.)
TEL. : 2418 5666 / 5667
Mob. : 8779848814
@ : info@mokksh.com
BINITA MARU : 98690 34162

# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડી યોજાઈ

શ્રી નલીયાના નાગડા ગોત્રના ભાવિકો દ્વારા નલિયામાં તારીખ ૧૩-૭-૨૦૧૮ અને ૧૪-૭-૨૦૧૮ ના બે દિવસીય પ્રોગ્રામો સાથે સમૂહ પહેડીનો ખુબજ ઉત્સાહ અને ઉમંગથી આયોજન થયું હતું. આ પ્રસંગે દેશાવરથી ૨૫૦ થી વધુ ભાવિકો આ પહેડી પ્રસંગ ઉજવવા પધારેલ હતા



પહેલા દિવસે એટલે ૧૩-૭-૨૦૧૮ ના સવારના ૯:૩૦ કલાકે માતાજી તથા ક્ષેત્રપાળ દાદાની બહારથી પધારેલા અને સ્થાનિક ભાવિકો દવારા અતિ પવિત્ર વિધિ એટલે નીમાલ કરવામાં આવ્યું હતું બપોરે ૧૨:૩૯ વિજય મુર્હતે શ્રી માણેકજી કાનજી નાગડા પરિવાર (પટેલ) હુબલી દ્વારા શ્રી સિધ્ધચક્ર અધિષ્ઠાયિકા શાસન ગચ્છ સામ્રાજ્ઞિ શ્રી ચક્રેશ્વરીમાતાજી સહીત સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન શ્રી કેવલભાઈ શાહ અને સંગીતકાર કિશોર સેંગાર અને સાથી કલાકારો ના સથવારે તથા પૂજ્ય પુનિતગુણા શ્રીજી મા.સા. તથા આદિઠાણા બે ની નિશ્રામાં પૂજન ભણાવવામાં આવ્યું હતુ આ પરિવાર દ્વારા સંપૂર્ણ નલિયાવાશીઓ સાથે સાધર્મિક ભક્તિરૂપે બપોરે ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પૂજન પ્રસંગે જીવદયામાટે ઉત્તમફાળો થયો હતો અને તે રાત્રે સાથે શેઠ શ્રી કુસુમકાન્ત વર્ધમાન જીવરાજ નાગડા, શ્રી લહેરચંદ હીરજી નાગડા તથા શ્રી ભાગ્યચંદ હીરજી નાગડા ને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તથા હરીલાલભાઈ અબોટી, લલિતભાઈ





# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડી યોજાઈ (૧૨મા પાનેથી ચાલુ)

ખોના તથા મહેશ નાગડા અવનવા ભક્તિ ગીતો રજુ કરી મંત્રમુગ્ધ કર્યા હતા તથા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું  સંચાલન રાજેશ લખમશી મોતાએ કર્યું હતું તે રાત્રે આરતીનો ચડાવો માતૃશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા તેરા (નાંદેડ) પરિવારે લીધો હતો સાથે સાથે આવતા વર્ષે એવી જ ભક્તિભાવથી પહેડીનું પ્રસંગ ઉજવવાનું નક્કી થયું હતું

બીજા દિવસે એટલે ૧૪-૭-૨૦૧૮ ના (આષાઢી બીજ) ના સવારે પૂજ્ય જયકીર્તિ મા.સા. ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સંપૂર્ણ નલિયાવાસી સાથે નવકારશી નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ૯:૩૦ કલાકે સર્વે ભાવિકો પહેડી માટે ઉપસ્થિત થઈ ગયા હતા સૌ પ્રથમ આ ચડાવા ના લાભાર્થી અતિ ઉત્સાહપૂર્વક માતૃશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા પરિવાર દ્વારા પહેડી પ્રસાદ અને ધ્વજા વાજતે ગાજતે લઇ માતાજીને ચડાવવા માં આવેલ હતા માતાજી દ્વારા સર્વે ભાવિકોને આશીર્વાદ અને જુવાર મંજુર થયા છે એવો સંદેશો મળતા જયનાદથી આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો

આ ત્રણ દિવસના પ્રોગ્રામમાં જુગલ માણેકજી નાગડા, મહેશ ખીમજી નાગડા, મહેશ શામજી નાગડા, ચેતન લહેરચંદ નાગડા, શ્રેણિક તેજપાલ નાગડા એમના અથાગ મહેનતના પરિણામરુપ સફળ આયોજન થયું હતું આ સાથે શ્રી નલિયા જૈન જ્ઞાતિ મહાજન, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચન્દ્રપ્રભ અતિથિગૃહ અને નલિયાવાશીઓ દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો હતો તેમજ પ્રતીક કેટર્સના ભીખુભાઇએ બંને દિવસ સુંદર ભોજન તથા મંડપ અને સાઉન્ડ માટે કિરણભાઈ મોતા, ફોટો ગ્રાફિંગ માટે ઋષભ તેજપાલ નાગડા દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો. નાગડા ગોત્ર પરિવાર સહુનો આભાર વ્યકત કરે છે.







# શ્રી ગુરુસ્મૃતિ મહોત્સવની ઉજવણી ગોરેગામમાં શાનદાર રીતે થઈ




સૂરી ભગવંતોની કૃપાએ ગચ્છગૌરવ ગુરૂદેવશ્રી સર્વોદય સાગરજી મ.સા.ની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે શ્રી ગુરૂ સ્મૃતિ મહોત્સવ અંતર્ગત પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં શાનદાર રીતે મુંબઈના તમામ સંઘોની ઉપસ્થિતિમાં શ્રાવિકા બહેનોની શિબિર અદ્ભૂત સફળતો પામી. પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની જાદુઈ વાણીમાં નારીના સાત રૂપો વિષયને આધારે સ્ત્રીની સંપૂર્ણ જીવનચર્યાનું વર્ણન સૌને મંત્રમુગ્ધ કર્યું. સાંતાક્રુઝવાળા સદ્ગૃહસ્થ તરફથી બેગની પ્રભાવના થઈ. ચૌવિહારના





## શ્રી ગુરૂસ્મૃતિ મહોત્સવની ઉજવણી ગોરેગામમમાં શાનદાર રીતે થઈ (૧૪મા પાનેથી ચાલુ)



લાભાર્થી મણીબેન નાનજી છેડા પત્રી-માટુંગાવાળા રહ્યા હતા. જૈન સિંગર નંબર-૧ કોમ્પિટીશન યોજાઈ જેમાં ગ્રુપ-એ (વય ૮ થી ૧૫) ગ્રુપ બી (વય ૧૬ થી ૨૫) ગ્રુપ સી (વય ૨૫ થી ૩૫) ગ્રુપ ડી (૩૬ થી ૫૦) ગ્રુપ ઈ (વય ૫૦ થી વધુ) માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે આવેલ વિજેતા જાહેર કરાયા હતા. વિશેષ ઈનામ તથા આશ્વાસન વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે લક્ષ્મીચંદભાઈ ગોગરી - ટુંડા - મુલુંડ અને મયંક હસમુખ ગાલા ગોધરા - બોરીવલીની સેવા મળી હતી.

અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોએ પત્ર માધ્યમે પ્રોત્સાહન પુરુ પાડયું હતું. સમસ્ત મુંબઈના સંઘોએ લેટરહેડ ઉપર મહોત્સવની શુભકામના તથા પૂ.ગુરુદેવને શ્રદ્ધાંજલિ સમર્પિત કરતા પત્રો પાઠવ્યા હતાં.

---


## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી વરાડીયા નગરે ૧૧૬મી ધ્વજા પ્રસંગે ગામની ૧૦૧ નિયાંણી બહેનો પધારશે

અબડાસા તાલુકાનાં કોઠારાથી ૪ કિ.મી. નાં અંતરે આવેલા વરાડીયા ગામે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી જિનાલયની ૧૧૬ મી વર્ષગાંઠ નિમિત્તે ગામની ૧૦૧ નિયાંણી બહેનો વરાડીયા પધારશે.

આ પ્રસંગે પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.નાં શિષ્યા હિતચિંતક પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભ પાવન નિશ્રામાં બે દિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ અઢાર અભિષેક સહિત સંપૂર્ણ લાભ મહાજનશ્રીના આદેશથી વરાડીયા ગામની બહેનોને પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે તા. ૧૪-૦૮-૨૦૧૮ બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી અઢાર અભિષેકની વિધિવિધાન ચન્દ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલા કરાવશે. તા. ૧૫-૦૮-૨૦૧૮માં સતરભેદી પૂજા સહ ધ્વજારોહણ વિધિ સવારે ૮.૩૦ કલાકે થશે. વિધિવિધાન પ્રવિણભાઈ ગોર કરાવશે. ગીત-સંગીતની રમઝટ જમાવશે.

વર્ષો પછી વરાડીયા ગામની દેશાવર-મુંબઈ અને કચ્છભરમાંથી ૧૦૧ નિયાંણીઓ પોતાની જન્મભૂમી માદરેવતન કચ્છ પધારી રહેલ છે. ત્યારે ગામનાં નાકે તેઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. ધ્વજા મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા વરાડીયા જૈન સંઘ તથા સર્વે નિયાણી બહેનો જહેમત ઉઠાવી રહેલ છે.

# કોઠારા જૈન પાઠશાળા દ્વારા જૈનતીર્થ પ્રવાસ યોજાયો

શ્રી કોઠારા જૈન પાઠશાળા દ્વારા યાત્રા પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. વાંકુ, રાપરગઢવારી, આરિખાણા, સાંયરા, જિનાલયોનાં દર્શન તથા પિંગ્લેશ્વર મહાદેવનાં દર્શન કરી દરિયાકિનારે અલ્પાહાર યોજાયો હતો. યાત્રા દરમ્યાન વિવિધ પ્રભાવનાઓ તથા સંઘપૂજન પણ થયેલ. પાઠશાળાનાં શિક્ષીકા તોરલબેન શાહનંદ તથા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694

Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup • Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660
9869167172
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794

WORK IS WORSHIP
MA OM PARIVAHAN PVT. LTD.
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781



જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર
એક ગઢ ઋષભ સમોવસર્યા, એક ગઢ નેમકુમાર
ઉજ્જંત શૈલસિહરે દિક્ખા નાણં નિસિહા જસ્સ ।
તં ધમ્મચક્કવટ્ટીં, અરિટ્ઠ નેમિં નમંસામિ ।।
૯૯
।। શ્રી નવ્વાણું યાત્રા ।।
અનાગત તીર્થંકરોની તારકભૂમિ...
સાધનાની સ્મારક ભૂમિ...
આપણી બની રહે ઉદ્ધારકભૂમિ...
એવા પરમ પવિત્ર મહાતીર્થ ગિરનારની
૯૦ દિવસીય નવ્વાણું યાત્રાનું ભવ્ય આયોજન
...પ્રારંભ...
વિ.સં. ૨૦૭૫
પોષ વદ ૨
મંગળવાર
તા.૨૨.૦૧.૨૦૧૯
...સંઘમાળ...
વિ.સં. ૨૦૭૫
ફાગણ વદ ૨
શુક્રવાર
તા.૨૨.૦૩.૨૦૧૯
...દિવ્યકૃપા વરસાવનારા...
રાષ્ટ્રસંત-ભારતદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
...પાવન નિશ્રા...
૫૨/૫૨ વર્ષીતપના પરમ આરાધક - તપચક ચક્રવર્તી - અચલગચ્છાધિપતિ
પ.પૂ. જૈનાચાર્ય ગુરુદેવ શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
સરળસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.
પ.પૂ. મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.
આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ
પૃથ્વીના તિલક સમાન
જય જય ગરવો ગિરનાર...
આમંત્રણ
...શુભ નિમિત્ત
તપચક ચક્રવર્તી
સમગ્ર શ્વે. જૈન સંપ્રદાયમાં
સૌથી પ્રથમ અગ્રિમ સ્થાને બિરાજમાન
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
સળંગ સુવર્ણ વર્ષીતપ
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
સરળસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ના
સંયમ સુવર્ણ વર્ષની અનુમોદનાર્થે...
મુખ્ય સંઘપતિ પરિવાર : અ.સૌ. નીતાબેન નાનાલાલ કેસવજી (ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર) કાંડાગરા-પરેલ
❋ ફોર્મ પરત મોકલવાના સ્થળો ❋
શ્રી ૭૨ જિનાલય તીર્થ
શ્રી વર્ધમાન શ્વે.મૂ. જૈન સંઘ
શ્રી મહાવીર જૈન દેરાસર
શ્રી અખિલ ભારત અચલ (વિધિપક્ષ) ગચ્છ શ્વે.મૂ. જૈન સંઘ
શ્રી આર્યરક્ષિત ધર્મરક્ષક જૈન સંઘ
શ્રી સુવિધિનાથ જૈન દેરાસર
આયોજક : શ્રી અચલગચ્છ ધર્મપ્રભાવક જૈન ગુણોદય ફાઉન્ડેશન
નવ્વાણું યાત્રાના મુખ્ય સંઘપતિ અ.સૌ. નીતાબેન નાનાલાલ કેસવજી ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર એવં
નવ્વાણું યાત્રાના સંઘપતિ પરિવારોના વંદન... પ્રણામ... જય જિનેન્દ્ર...

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ દ્વારા અષાઢી બીજની ઉજવણી




તા. ૧૪-૭-૨૦૧૮ને શનિવારના કચ્છી નૂતન વર્ષ નિમિતે શ્રી ક.દ.ઓશવાલ જૈન મહાજનશ્રી ગદગ દ્વારા સ્કૂલ માટે મુંદરગી રોડ ઉપર ૧૨ એંકર લીધેલ જગ્યાની મુલાકાત તથા ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે જગ્યા લેવા માટે મદદરૂપ થયેલ હરીશ મુંનવર, સતીશ લુઠીયા, દિનેશચંદ લોડાયા, પ્રદિપ ખોના, વિપુલ લુઠિયા, રવિન્દ્રકુમાર લોડાયા, કુમારપાળ લાલકા તથા અન્ય મહાનુંભાવો મહાજનશ્રીના પદાધિકારી દ્વારા સન્માન કરવામાં આવેલ ગામવાસીઓ માટે આવવા જવા બસ તથા કારની વ્યવસ્થા કરવામાં આવેલ તેઓનો પણ આભાર માનવામાં આવેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ શ્રી પાધીર પૂજાભાઈ તરફથી કાયમી નાત ગુડી જમણવાર મહાજનશ્રીના હોલમાં રાખવામાં આવેલ.

રાતના દેરાસરમાં આંગી ભાવના ભણાવવામાં આવેલ.



# સામાન્ય સભા

જય જય શ્રી અનંતનાથ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક સામાન્ય સભા સંવત ૨૦૭૪ ના શ્રાવણ સુદ ૧૪ના શુક્રવાર તા. ૨૪-૦૮-૨૦૧૮ના સાંજના ૬.૩૦ કલાકે, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

## કાર્યસૂચી

૧) ગત તા. ૧૬-૦૩-૨૦૧૭ ની સભાની કાર્યવાહિનું વાંચન અને બહાલી.

૨) જ્ઞાતિનું અધિકૃત વસ્તીપત્રક એપમાં આમેજ જ્ઞાતિ કુટુંબોના સમનામાં, સભ્યોની સંખ્યા તથા અન્ય માહિતિ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પરિસરમાં રહેતા પરિવારો અધિકૃત ગણવા બાબત.

૩) શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન (તા ૨૩ થી ૨૫ ડીસે. ૨૦૧૮ નલિયા- મધે) ચતુર્થ સંમેલનમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનો માંથી '' પ્રતિનિધીઓ''ની નિમણૂક કરવા બાબાત.

૪) પ્રમુખશ્રીની મંજૂરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ. લિ. : **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા

(માનદ મંત્રીઓ)

નોંધ :

૧) સભાના મુકરર થયેસ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨ (૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨) મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

# નલીયા બાળાશ્રમ ભૂતપૂર્વ છાત્રો જોગ

આપ સૌને વિદિત છે કે જ્ઞાતિનું આગામી ચતુર્થ સંમેલન નલીયા મધ્યે ડિસેંબર ૨૩-૨૪-૨૫, ૨૦૧૮ના યોજાઈ રહ્યું છે. આના અનુસંધાનમાં આપણા સૌનો એક વોટ્સએપ ગ્રુપ બનાવવાનું વિચારી રહ્યાં છીએ. આપ સૌ મહેરબાની કરી ફોનથી નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક સાધશોજી. જવેરચંદ આણંદજી ખોના-ગાંધીધામ ૯૮૨૫૨૨૭૩૧૯, વીરચંદ પાસ્વીર મૈશેરી-ડોંબિવલી ૯૮૩૩૬૪૨૦૯૭, હેમંત (કિશોર) શામજી મોતા-લોનાવલા ૯૩૭૦૭૧૦૮૯૯૧, કિરણ લખમશી મોતા-નલીયા ૯૯૨૫૯૯૧૧૧૮, ભરત વેરશી જીવાણી-ડોંબિવલી ૯૮૩૩૩૯૧૩૧૩.

# ગોરેગાંમ અચલગચ્છ જૈન સંઘ દ્વારા સંગીતમય 'નેમકથા'નું આયોજન

સૂરી ભગવંતોની કૃપાએ ગોરેગાંમ અચલગચ્છ સંઘના આંગણે અધ્યાત્મ યોગી ગુરુદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં ૧૫ ઓગસ્ટ બુધવાર રોજ સવારના ૭ થી ૯.૩૦ સુધી ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિ ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખે નેમીનાથ પ્રભુજીના અદ્ભૂત રહસ્યોને પ્રગટ કરતી પ્રભાવકથા નેમકથાં સુણવા સૌને પરિવાર મિત્રો સાથે સમયસર આવવા આમંત્રણ. બહારથી પધારનાર મહેમાનો માટે કાર્યક્રમ બાદ નવકારશી રહેશે.

# પારોલા તીર્થમાં ચાતુર્માસ ભક્તિની જમાવટ

પારોલા તીર્થમા ચાતુર્માસાર્થે બિરાજમાન પરમ વિદુષી સાધ્વી શ્રી પુણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. નિશ્રામાં ચાતુર્માસી નિત્ય સંતિકરન, વ્યાખ્યાન, જાપ, જ્ઞાન સાથે ગંમત, દર રવિવારે અનુષ્ઠાન તેમજ બહાર ગામથી આવેલ આરાધકોની શાતા પૂર્વક તપસ્યા થઈ રહી છે.



# આઝાદી અમર રહો

## આઝાદ ભારતની ૭૨મી જયંતી પ્રસંગે સર્વેને શુભેચ્છાઓ...



*સ્વાધીન અજય છે ભોમ અમારી, મુકત અજય અમ સરિતારીર;*
*ગિરિગહ્વર ને ખીણ-કોતરો, મુકત સદા અમ સાગર-નીર !*
*સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !*

# Deluxe logistics Pvt Ltd

**Transport Contractors & Fleet Owners**

**Regd Office:** 25/26, Mahavir Darshan, 2nd Floor, 12, Bhandari Street, Mumbai - 400 003. Off.Phone - 022 - 40231713 / 14 / 15/ 16 / 17. (5 lines)
**Contact : Tarun Shah - 9820211880**

**Corporate Office :** 'DELUXE HOUSE', No. 55, 2nd Cross, Kalasipalyam New Extension, Bangalore - 560 002
Ph : 080-2222 4569 / 2223 1718 / 4153 0042 / 4153 0043

The Fun is always on at
DHARAMSHI RESORTS

**Kirti D. Shah : Director Mob : 98440 04445**

# DHARAMSHI RESORTS PVT. LTD.

**Kunigal Road, National Highway 48, Nelamangala, Bangalore - 562123, Ph : (91) (80) 27700257, 27700263**

# DHARAMSHI HOLDINGS & DEVELOPERS PVT. LTD.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સગપણ મિલન સમિતિ દ્વારા પ્રત્યક્ષ મિલનનો કાર્યક્રમ



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ વ્યવસ્થાપક સમિતિ દ્વારા નિમાયેલ વિવિધ સમિતિઓમાંથી એક સગપણ મિલન સમિતિ. વર્તમાનમાં જ્ઞાતિજનોને સતાવતો/મુંઝવતો મુખ્ય પ્રશ્ન એટલે સગપણ/વેવિશાળ.

આ સમિતિ દ્વારા ગત ત્રણ વર્ષોમાં વિવિધ ઠેકાણે મહા સગપણ પરિચય મિલન સમારોહ જ્ઞાતિ યુવક-યુવતિઓ માટે યોજાયા હતા. ફળશ્રુતિ રૂપે બહુ જ સારી સંખ્યામાં સગપણો થયા હતા. તેટલેથી ન અટકતા આધુનિક પ્રસાર માધ્યમો પદ્ધતિઓમાંની એક વોટ્સ એપ ગ્રુપ દ્વારા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓનું એક સંગઠન ગ્રુપ બનાવી સમિતિના કાર્યાધિકારીઓની મોનિટરીંગ હેઠળ વોટ્સએપ માધ્યમે દરેક ગોષ્ઠિ કરી-મિત્રતા કરી મનગમતા પાત્રની પસંદગી કરી શકાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

સમસ્ત મહાજનનો પ્રસ્તાપિત એક કાર્ય બીટુબી(જ્ઞાતિ બિઝનેસ ટુ જ્ઞાતિ બિઝનેસ) જ્ઞાતિના યુવક-યુવતીઓ જ્ઞાતિઓમાંના જ યુવક-યુવતી સાથે સંસારી જીવનમાં પદાર્પણ કરે તે માટે હમણાં જ તા. ૫-૮-૧૮ ને રવિવારના ફ્રેન્ડશીપ દિવસના શુભ દિવસે ગ્રુપના ૨૪ યુવક-યુવતીઓ સહ સમિતિના અધિકારીઓ મનિષા લાલકા, જલ્પાબેન લોડાયા, રિતેશ કાયાણી તથા હિતેશ નાગડા સાથે મુલુંડના આર. મોલમાં સાંજે ૩.૩૦ થી ૬.૦૦ દરમ્યાન પ્રત્યક્ષ મિલન કાર્યક્રમ ગોઠવેલ. સગપણ સમિતિ દ્વારા ઉમેદવાર જ્ઞાતિ યુવક-યુવતીઓ જેઓ ન જોડાયા હોય એવા જ્ઞાતિ યુવાઓને ગ્રુપમાં જોડાવા અપીલ કરવામાં આવેલ છે. વધુ વિગત માટે મનિષાબેન લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪ તથા જલ્પાબેન લોડાયા - ૯૮૬૭૬૧૫૯૧૩ નો સંપર્ક કરી ગ્રુપમાં જોડાઈ શકો છો.





# જૈનમ હોલ ભાંડુપ ખાતે સમસ્ત મહાજનની મહાસમિતિની સભા સંપન્ન




સમસ્ત મહાજનની મહાસમિતિની સભા રવિવાર તા.૫-૮-૨૦૧૮ના સવારના ૧૧ કલાકે જૈનમ હોલ ભાંડુપમાં મળી હતી. જેમાં કુલ ૮૨ સભ્યો હાજર રહ્યાં હતાં.



સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે છેલ્લા ત્રણ મહિનામાં સંસ્થાના સંસ્થાકીય ફેરફાર/સુધારા/કાર્યવાહી બાબત વિસ્તૃત જાણકારી આપી હતી અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા હાલમાં થઈ રહેલી ૧૦ કમિટીની કાર્યવાહીઓ પર પ્રકાશ પાડયો હતો અને ડીસેમ્બરના નલીયામાં યોજનારા જ્ઞાતિના ચતુર્થ સંમેલન બાબતની તૈયારીઓનો ચિતાર આપ્યો હતો અને મહાસમિતિના સભ્યોને ૨૭ વર્ષ પછી જ્ઞાતિ ભેગી થઈ રહી છે ત્યારે જ્ઞાતિના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સંપૂર્ણ સહયોગ આપીને સંમેલનને સફળ બનાવવા હાકલ કરી હતી. જ્ઞાતિમૈયાની પ્રિન્ટ કોપી બનાવીને તેના પ્રકાશનની માહિતી આપી હતી. જે જે ગામોમાં પ્રતિનિધિનાં મરણ થયાં હોય કે ન હોય તે તે ગામના પ્રતિનિધિઓની નિમણુંક મહાસમિતિએ કરી હતી.



# સમસ્ત મહાજનમાં શ્રી હંસકુમાર બી. ખીમજીની ટ્રસ્ટબોર્ડમાં ટ્રસ્ટી તરીકે નિમાયા

સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડની એક મિટીંગ રવિાર, તા.૫-૮-૨૦૧૮ના ભાંડુપ જૈનમ હોલ ખાતે બપોરના ૨.00 કલાકે મળી હતી. મહાસમિતિની સભાની કાર્યવાહીની નોંધ લેવામાં આવી હતી અને તેના અનુસંધાનમાં સંમેલનમાં યોજવા બાબત થતી કાર્યવાહીની સર્વે ટ્રસ્ટીઓને જાણકારી અપાઈ હતી તેમજ શ્રીમતી માલતીબેન હરીશ ધરમશીએ ટ્રસ્ટી તરીકે રાજીનામું આપતાં તેમની જગ્યાએ મુંબઈ મહાજનશ્રીના નેજા હેઠળ હંસકુમાર ભવાનજી ખીમજીની ટ્રસ્ટી તરીકે સર્વમાન્ય નિમણુંક કરવામાં આવી હતી.




|| શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ||

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

તા. ૧૧-૦૮-૨૦૧૮

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

મહાજનશ્રીની **વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૧૦/૦૯/૨૦૧૮**ના રાતના ૯.00 કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા એને બહાલી.
૨) મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૪) જ્ઞાતિનું ચતુર્થ સંમેલન બાબાત ચર્ચા વિચારણા.
૫) આવેલ પત્રોનું વાંચન.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૮-૯-૨૦૧૮ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.

|| જીવદયા પરમો ધર્મ ||

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૧૧-૦૮-૨૦૧૮

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

**સર્વ નલીયાવાસીઓ ભાઈઓ અને બહેનો,**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૧૦-૦૯-૨૦૧૮**ના રાતે ૮.૩૦ કલાકે નલીયા મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી રહેશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા બહાલી.
૨) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડીટ હિસાબનું વાંચન અને બહાલી.
૪) આવેલા પત્રોનું વાંચન.
૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૮-૯-૨૦૧૮ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.

# ચતુર્થ સંમેલન માટે વરિષ્ઠ સમિતિની સભા સંપન્ન








રવિવાર તા.૫-૮-૨૦૧૮ના સાંજના ૭ કલાકે સમસ્ત મહાજને સંમેલન બાબતે નીમેલ જ્ઞાતિના ગણમાન્ય જ્ઞાતિજનોને આવરતી વરિષ્ઠ સમિતિની સભા મળી હતી. જેમાં મુંબઈ તેમજ દેશાવરના વડીલો વરીષ્ઠો ભેગા થયા હતા તેમને સંમેલન બાબત વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સભામાં શ્રી હંસ બી. ખીમજીએ સંમેલનના મુખ્ય દાતાની જવાબદારી સ્વીકારી હતી. જેને સૌએ વધાવેલ. સંમેલનના ત્રીજા દિવસના ભોજનના બે ટંકનો ફાળો નલીયાવાસી જ્ઞાતિજનોએ સ્વીકાર્યો હતો.





શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન આયોજિત

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન, નલીયા (કચ્છ) તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર, ૨૦૧૮

## યજમાન : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયા

### જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ**

આપણી જ્ઞાતિનું

ચતુર્થ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. આ સમય દરમ્યાન રાષ્ટ્ર, જૈન સમાજ અને જ્ઞાતિમાં ઘણા ફેરફાર થઈ ગયા છે. સામાજિક વ્યવસ્થાઓ, સામાજિક સંસ્થાઓની કાર્યવાહીઓ એવં સમાજની આવાસ, શિક્ષણ, મેડીકલ, યુવા, ધાર્મિક, નારી સશક્તિકરણ વ. ના સેવાક્ષેત્રની ક્ષિતિજો વધતી જાય છે. આ સંમેલનમાં લગભગ ૧૦૦૦ મહાજનશ્રીના પ્રતિનિધિઓ, વરિષ્ઠો એવં વિવિધ સમિતિઓના સભાસદો પધારશે. તે સાથે જ ત્રણે દિવસ યુવાશક્તિ અને નારી સશક્તિકરણના પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન પણ યોજાશે. જેમાં લગભગ કુલ ૬૦૦ જ્ઞાતિજનો પધારશે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું.

આ સંમેલન પ્રથમ વાર કચ્છમાં અને તે પણ જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશીનાથાના વતનમાં યોજાઈ રહ્યું છે તેનો જ્ઞાતિમાં હર્ષ છે અને જ્ઞાતિજનો કચ્છ પધારવાની ક્ષણની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આ અવિસ્મરણીય સંમેલનનું આયોજન વ્યવસ્થિત રીતે યોજવા અમે વિવિધ યોજનાઓ વિચારેલ છે જેની વિગત આ સાથે આપેલ છે. આપશ્રી સૌ શ્રેષ્ઠીવર્યો/સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે આ મહાયજ્ઞમાં આપનો અમૂલ્ય સહયોગ આપી અને આ આપણું જ પોતાનું કાર્ય છે સમજીને અમને સાથ સહકાર આપશોજી. આપના ઉત્સાહપ્રેરક પ્રતિસાદની અપેક્ષા સાથે.

**આયોજક : શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન**

**યજમાન : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા**

સેક્રેટરી જનરલ
શ્રી નીશિથ એ. દંડ
૦૯૮૭૯૧ ૧૧૦૯૦

ચતુર્થ જ્ઞાતિ સંમેલનના વરાયેલા પ્રમુખશ્રી :
શ્રી મૂલચંદ પદમશી મોતા
(મો) ૯૮૪૬૨ ૧૪૨૦૩

સંમેલનની વિવિધ આર્થિક યોજનામાં લાભ લેનાર જ્ઞાતિજનોએ નીચે જણાવેલ
**K.D.O. Jain Gnati Mahajan, Naliya** ના નામે
ચેક / **NEFT / RGTS**, United Bank of India,
Sarvodaya Nagar, Mulund (W), Mumbai-400080,
S/B. A/c. No. 1226014972936 IFSC Code UTBIOSVN647
નામે સમસ્ત મહાજનની મુલુંડ ઓફિસે. R.No. 2B, Krishna Kunaj,
Valji Ladha Rd., Mulund (W), Mumbai-400080 ને સરનામે મોકલવા.

**કાર્યાલય : મનીષ લોડાયા : ૯૭૬૯૯ ૯૧૯૨૨**

**સમસ્ત મહાજન કાર્યાલય :** રૂમ નં. ૨,બી-વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, કૃષ્ણકુંજ,
વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦
Email : mahajansamast@gmail.com - www.kdosamastamahajan.org

### જ્ઞાતિના ચતુર્થ સંમેલનના આર્થિક આયોજનની યોજનાઓ

| | |
|---|---|
| સંમેલનના મુખ્ય લાભાર્થી<br>**રૂા. ૫૧ લાખ** | ગામના મુખ્ય સ્વાગતદ્વાર, સંમેલનના મુખ્ય પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ, મુખ્ય મંડપના પ્રવેશદ્વાર તથા મુખ્ય મંડપના સ્ટેજ પર બેનર |
| ભોજનખંડના લાભાર્થી<br>**રૂા. ૨૫ લાખ** | ભોજનકક્ષના મુખ્ય પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા ભોજનખંડમાં મુખ્ય સ્થળે મુખ્ય બેનર |
| 'યુવા ફેસ્ટ ૨૦૧૮'ના સંપૂર્ણ લાભાર્થી<br>**રૂા. ૨૧ લાખ** | 'યુવા ફેસ્ટ ૨૦૧૮'ના ડોમના પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા સ્ટેજ પર મુખ્ય બેનર |
| 'નારી સશક્તિકરણ' સમીટના સંપૂર્ણ લાભાર્થી<br>**રૂા. ૨૧ લાખ** | 'નારી સશક્તિકરણ સમીટ'ના ડોમના પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા સ્ટેજ પર મુખ્ય બેનર |
| સંમેલનની વાહનવ્યવસ્થાના લાભાર્થી<br>**રૂા. ૨૧ લાખ** | દરેક વાહન (લગભગ ૧૦૦/૧૫૦) પર મોટા સ્ટીકર અને મુખ્ય મંડપ તેમજ સ્વાગતકક્ષ બેનર |
| સંમેલનની કીટના લાભાર્થી<br>**રૂા. ૧૫ લાખ** | દરેક કીટ પર સૌજન્ય તેમજ મુખ્ય મંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| મીડીયા પાર્ટનરના લાભાર્થી<br>**રૂા.૧૧ લાખ** | મુખ્ય મંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| ત્રણે દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમના લાભાર્થી<br>**રૂા.૧૧ લાખ** | મુખ્યમંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| ભોજન :<br>પ્રથમ દિવસના લાભાર્થી<br>**રૂા. ૨૧ લાખ**<br>નવકારશી રૂા. ૬ લાખ<br>બપોરનું જમણ રૂા. ૮ લાખ<br>સાંજનું જમણ રૂા. ૭ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ભોજન :<br>દ્વિતીય દિવસના લાભાર્થી<br>**રૂા. ૨૧ લાખ**<br>નવકારશી રૂા. ૬ લાખ<br>બપોરનું જમણ રૂા. ૮ લાખ<br>સાંજનું જમણ રૂા. ૭ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ભોજન :<br>તૃતિય દિવસના લાભાર્થી<br>**રૂા. ૩૦ લાખ**<br>નવકારશી રૂા. ૯ લાખ<br>બપોરનું જમણ રૂા. ૧૧ લાખ<br>સાંજનું જમણ રૂા. ૧૦ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ચા/કોફી/દૂધ, છાસ, ફ્રૂટ, જ્યુસ તેમજ મુખવાસના કાઉન્ટરના લાભાર્થી<br>**રૂા. ૧૧ લાખ** | કાઉન્ટર પર નામ તેમજ ભોજનકક્ષ એવં સ્વાગતકક્ષમાં બેનર |
| ચતુર્થ સંમેલનના પ્લેટીનમ દાતા<br>**રૂા.૫ લાખ** | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |
| ચતુર્થ સંમેલનના સુવર્ણ દાતા<br>**રૂા. ૨.૫ લાખ** | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |
| ચતુર્થ સંમેલનના રજત દાતા<br>**રૂા. ૧ લાખ** | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

- Exclusive Gharchola
- Bandhani
- Patola • Panetar
- Chaniya Choli
- Designer Saree

જ્યોતિ

Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ઈન્ટરનેશનલ એક્સપો ફોર ડેફ ઈન તાઈવાન ૨૦૧૮માં ગાંધીધામની મિતલ હંસરાજ ઠક્કરએ બેસ્ટ આર્ટિસ્ટીક એક્સપ્રેસન તરીકે વિજેતા થઈ છે. આ અગાઉ તે મિસ ડેફ ગુજરાત અને મિસ ઈન્ડિયાનો એવોર્ડ મેળવ્યો છે.

● નેશનલ એસોસિયેશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ જિલ્લા શાખા ભુજ દ્વારા વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને સરકારી અંધશાળા ભુજના દિવ્યાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ દાતા સૂરજગિરિ વાલગિરિ માનકુવા વાળાના સહયોગથી યોજાયો.

● સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને વર્તમાન સમયે મોંઘી શિક્ષણ પ્રણાલિમાં છાત્રોને સમાજ મદદરૂપ બની શકે એવા સકારાત્મક વિચાર હેતુથી ભુજ રાજગોર જ્ઞાતિ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને આઠ હજાર નોટબુક બજાર ભાવથી ૨૫ ટકાના દરે વિતરણ કરાયું હતું.

● શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા દાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી કચ્છમાં સમાજના જરૂરમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ કરાયું.

● કચ્છમાં કન્યા કેળવણી ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનારા શેઠ ડોસાભાઈ લાલચંદની જન્મજયંતિએ ગરીબ છાત્રોને નોટબુક અને કપડા વિતરણ કરાયા હતા. બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજાઈ. તેના વિજેતાઓને ઈનામો અપાયા હતા.

● માધપરના જૈન મૂર્તિ પૂજક સંઘના ઉપક્રમે વાગડ સમુદાયના સાધ્વી ચિતપ્રસન્ન ચિતરંજનાશ્રી જી મ.સા.ના સાધ્વી ચિંતન પૂર્ણાશ્રીજી આદિઠાણા ૩ નું સામૈયા સાથે પ્રવેશ થયો હતો. આ પ્રસંગે નવનિર્મિત કલાપૂર્ણ સુરિજી જૈન આરાધના ભવન ઉપાશ્રયનો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

● કચ્છ મશાલ સેવા ટ્રસ્ટ દ્વારા બારેયમાસ દર્દીઓ તેમજ દર્દીઓ સાથે આવતા તેમના સગા વહાલાઓ માટે નિઃશુલ્ક બપોરે તથા રાત્રિના ટિફિન સેવાનો આરંભ કરાયો છે.

● ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતામંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા ફેમિલી લોક અદાલતમાં સંવાદ સેતુ થકી છૂટા થવા માંગતા ત્રણ પરિવારના સંબંધો ફરી સંધાયા હતા અને રાજીખુશીથી ફરી ઘર વસાવવા સંમત થયા હતા. આ લોક અદાલતમાં ૪૭ કેસોનો નિકાલ થયો હતો અને ભરણ પોષણની ચડત રકમ રૂા. આઠ લાખથી વધુની વસૂલાત થઈ હતી.

● મુંદરામાં બંદરીય વિકાસથી વૈશ્વિક સ્તરે ખ્યાતિ અપાવનાર અદાણી ઉદ્યાગ જૂથ આંતર રાષ્ટ્રીય હવાઈ મથક માટે કોમર્શિયલ એરપોર્ટ ઊભુ કરવા યોજના ઘડી છે.

● કચ્છ જિલ્લાની વિવિધ કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં મોટર અકસ્માત, ફોજદારી લગ્ન વિષક, પીજીવીસીએલ બેંક, સહિતને લગતા ૨૪૮૯ કેસનો નિકાલ કરાયો અને ચાર કરોડ અઠાયસી લાખવા સમાધાન સુમેળતાથી કરાયા હતા.

● મુંદરા રઘુવંશી મહિલા મંડળ દ્વારા સોળ શણગાર સ્પર્ધા યોજાઈ જેમાં ૨૮ મહિલાઓ ભાગ લીધો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામો અપાયા હતા.

● ગુજરાત રાજ્યમાં કુલ નેવું ભાષાઓ બોલાય છે. જેમાં સૌથી વધારે ગુજરાતી બોલનારા લોકો અમરેલીમાં ડાંગમાં સૌથી ઓછી ગુજરાતી એટલે ૩૪ ટકા લોકો દ્વારા ગુજરાતી ભાષા બોલે છે. કચ્છમાં ૫૩ ભાષાઓ બોલાય છે. સૌથી ઓછી ભાષાઓ ડાંગમાં ૧૭ ભાષાઓ બોલાય છે. જ્યારે અમરેલીમાં ૨૧ ભાષા અને દાહોદ જિલ્લામાં ૧૯ ભાષાઓ બોલાય છે.

● એજ્યુકેશન સોસાયટી અંજાર સંચાલિત શાળાઓ દ્વારા ચોથા ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ૨૦૬ કૃતિઓ વિદ્યાર્થી ઓ દ્વારા રજૂ કરાઈ હતી.

● સત્સંગ આશ્રમ અને માંડવી રિટેઈલ મર્ચન્ટ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ૭૦ મો નેત્રયજ્ઞ યોજાયો હતો. જેમાં ૧૨૪ દર્દીઓએ લાભ લીધો. ૧૯ દર્દીઓના મોતિયાના ઓપરેશન રાજકોટ સ્થિત રણછોડ દાસજીબાપુની આંખની હોસ્પિટલમાં કરવામાં આવ્યાં હતા.

# સાંધવનગરે પ.પૂ. સાધ્વીશ્રીજી પાવનગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ







સાંધવ નગરે પ.પૂ. સાધ્વીશ્રીજી પાવનગુણાશ્રીજી મ.સા.નો પ્રવેશ તા. ૨૧-૭-૨૦૧૮ ના સવારના ૭.૦૦ કલાકે વાજતે ગાજતે થયેલ સામૈયામાં કચ્છી ઢોલ-શરણાઈ, બેન્ડપાર્ટી બેડા લઈને બહેનો ગામે ગામના સંઘ-સાજન મહાજનો સાથે પ્રવેશ થયેલ. પ.પૂ.મ.સા. માંગલીક સંભળાવેલ વિપુલ પટેલ આવકાર આપેલ. શામજીભાઈ દંડ આભાર વિધી કરેલ. પ્રવેશ પ્રસંગે મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ મોતા, સાયરાથી ભદ્રેશ પટેલ, ઉત્તમ મોમાયા, રતિલાલ ધ્રોળ, બિપીન મોમાયા, હિરાચંદ મોમાયા, દિનેશ પટેલ, પદમશીભાઈ લોડાયા, થોભણભાઈ કીરીટ લોડાયા, હિરાચંદ ધ્રોળ, કેસરસિંહ સાયરા સંઘ બહોળીસંખ્યામાં, સુથરીથી કુલીન પીર, પ્રગનેશ છેડા, કુલીનભાઈ કારાણી, કિશોર છેડા, સુથરી જૈન સંઘ, જખૌથી કિશોર કારાણી, ભરત જીવાણી, વિજય મોતા, પ્રવિણ શિયાળ, વરાડીયાથી દેવેન્દ્ર પટેલ, પદમ મોતા, કોઠારાથી, નલીનભાઈ અજાણી, ઉત્તમભાઈ ખોના, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, લલીત લોડાયા, વર્ધમાનભાઈ, ધનપતિભાઈ, દિનેશ મોતા, હંસરાજ નાગડા, ગુલાબ મોતા, રતિલાલ નાગડા, કોઠારા જૈન સંઘ, મેરાવા જૈન સંઘ. પૂ.મ. સાના સંસારી પક્ષના સંબધીઓ, રંગપુરના જતીન નાગડા, હિરેન લાપશીયા, સુરતથી શરદ દંડ, વાપીથી ધીરેન લોડાયા, અમદાવાદથી દિનેશ મૈશેરી, નલિયાથી ગુલાબ ખોના, હિરાચંદ દંડ, ડોમ્બીવલી લકેશ(વિપુલ) સાંધવના શામજીભાઈ દંડ, નવિન લોડાયા, જયેશ લોડાયા, વિપુલ પટેલ, દિનેશ લોડાયા, પ્રવિણ મોતા, ખુશાલ પટેલ, પ્રદિપ ખોના, રાજેશ દંડ, રાજેશ પટેલ, દિલીપ લોડાયા. નરેન લોડાયા, અભય લોડાયા, સાંધવ વાસીઓ નિયાંણીબહેનો સારી સંખ્યામાં હાજર રહ્યાં હતા. ચાતુર્માસ કરાવવાનો લાભ અ.સૌ. મીનાબેન શામજી માણેકજી લોડાયા પરિવાર સાંધવ, થાણાએ લીધેલ સર્વસંઘો નૌકારશીના લાભ આપેલ. દરેક જણને નીચે મુજબ દાતાશ્રીએ તરફથી રૂા. ૧૫૦ /- સંઘપૂજન થયેલ. રૂા. ૨૫૦૦/- ના લાભ લેનાર ભાગ્યશાળી ૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, ૨) શેઠશ્રી શામજી નરશી દંડ, ૩) શ્રી

# સાંધવનગરે પ.પૂ. સાધ્વીશ્રીજી પાવનગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ (૨૮મા પાનેથી ચાલુ)





ઠાકરશી લાલજી પટેલ, ૪) શ્રી માણેકજી મેઘજી લોડાયા, ૫) શ્રી ભવાનજી રાઘવજી લોડાયા, ૬) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા, ૭) અ.સૌ. મિલનબેન પ્રદિપ આણંદજી ખોના. આદિપુર રૂા. ૧૧૦૦/-ના ભાગ્યશાળીઓ ૧) શેઠશ્રી શામજી માણેકજી લોડાયા, ૨) માતુશ્રી જનકભાઈ લાલજી પટેલ, ૩) શ્રી રસીક દેવરાજ લોડાયા, ૪) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, ૫) શ્રી વિરચંદ મોઘજી ખોના, ૬) માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ, ૭) જ્યોત્સનાબેન દામજી દંડ. ૮) શ્રી નવીન માણેકજી લોડાયા, ૯) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા, ૧૦) શ્રી સામજી ભાણજી દંડ. ૧૧) માતુશ્રી જયાબાઇ લક્ષ્મીચંદ દંડ, ૧૨) માતુશ્રી નવલભાઈ ભવાનજી દંડ. ૧૩) માતુશ્રી શંકુતલાબેન રાયચંદ દંડ, ૧૪) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ, ૧૫) માતુશ્રી મંજુલાબેન હિરાચંદ દંડ, ૧૬) માતુશ્રી લતાબેન ઝવેરચંદ દંડ, રૂા.૫૦૦ના ભાગ્યશાળી પરિવારો.



૧) શ્રી મુલજી માણેકજી લોડાયા, ૨) શ્રી પ્રવિણ માણેકજી લોડાયા, ૩) શ્રી પ્રફુલ માણેક લોડાયા, ૪) શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ, ૫) શ્રી મણીલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ, ૬) શ્રી સોમચંદ વિસનજી દંડ, ૭) માતુશ્રી લાખબાઈ કાંતીચંદ ખોના-ચેંબુર, ૮) માતુશ્રી લક્ષ્મીબાઈ મુરજી દંડ-ઘાટકોપર, ૯) અ.સૌ. જયલી જવેરચંદ ખોના-ડોંબિવલી, ૧૦) માતુશ્રી હિરબાઈ નારાણજી લોડાયા-પાલીતાણા, ૧૧) માતુશ્રી લક્ષ્મીબાઈ મણીલાલ લોડાયા-લોકાપુર, ૧૨) શ્રી કાંતીલાલ કાનજી લાલકા-બાંઢીયા, ૧૩) મેરવા જૈન સંઘ ભાગ્યશાળી પરિવારો લાભ લીધેલ. ચાતુર્માસની આરાધના કરવા. ૨૦ / ૨૫ જણની સંખ્યામાં આરાધના કરી રહ્યાં છે. ચાતુર્માસના દાતા પરિવાર તરફથી આમંત્રણ છે હજી કોઈને આરાઘના કરવાની ઈચ્છા હોય જરૂરથી પધારજો સાંધવ. ચાતુર્માસના આરાધકોને પ્રભાવના સ્વરૂપે- માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા. મુલુંડ તરફથી શ્રાવીકાબેન સાડી, પૂજાનો રૂમાલ સાથે પાઉચ, શ્રાવકભાઈને પેંટશર્ટ, માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ તરફથી બટુવો પૂજાની સામગ્રી સાથે પૂજાબેગ, સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ તરફથી નહાવાનો ટુવાલ તથા નેપકીન, ચોમાસી પુનમના છઠ્ઠવાળાને રૂા.૨૦૦ ની પ્રભાવના એકાસણા વાળાને રૂા. ૫૦ રૂા.ની પ્રભાવના, કરવામાં આવેલ. બામબાટલી-વિયાન વિનિત ખોના-નલીયા, માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા-ડોંબિવલી તરફથી ટ્રાવેલીંગ, ટ્રોલી બેગ ૫.પૂ.મ.સા.ને વંદન કરવા શાંતિનાથ દાદાના દર્શન કરવા દર્શનાર્થીઓના આવજાવ ચાલુ છે.આતો મારા શાંતિદાદાના રથનો રણકાર આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો એવા સુંદર રથનો સાંધવ નગરે આગમન થયેલ છે. રથ માટે ગાડાના લાભાર્થી શ્રી ઠાકરશી લાલજી પટેલ તથા સુંદર રથ મંદિરના લાભાર્થી શ્રી શાંતિ નવયુગ જૈન મિત્રમંડળ સાંધવ.

## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૮-૨૦૧૮ | ડોંબિવલી | કપિલ હિરેન સોમચંદ ધુલ્લા | સુથરી | ૨૮ |
| | હૈદરાબાદ | હેનલ દિપક મેઘજી મોમાયા | વરાડિયા | ૨૩ |
| ૦૫-૦૮-૨૦૧૮ | વિક્રોલી | શ્રેયસ બંકિમ દામજી ધરમશી | સેવક ભરૂડિયા | ૩૧ |
| | જામનગર | આરતી જતિન કાનજી દંડ | સેવક ભરૂડિયા | ૨૬ |

# ગોરેગામ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની પાંચમી સાલગિરાહ મહોત્સવ ભવ્યતાથી ઉજવાશે

અધ્યાત્મયોગી ગુરુદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પવિત્ર નિશ્રામાં શ્રી ગોરેગામ અચલગચ્છ જૈન સંઘના મૂળ નાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની પાંચમી સાલગિરાહના મહોત્સવ પ્રસંગે ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવ શનિવાર તા.૧૧ રવિવાર તા.૧૨ અને સોમવાર તા.૧૩ ઓગસ્ટ રોજે ભવ્યતાથી ઉજવાશે.

જેમાં પ્રથમ દિને સ્નાત્ર મહોત્સવ દ્વિતીય દિવસે રવિવારે અઢાર અભિષેક અને સોમવારે તૃતીય દિવસે પૂ.સર્વોદયસાગરજી મ.સા. દ્વારા રચિત ૧૭ ભેદી પૂજા સાથે ધ્વજારોહણ કરાશે. એમ.પી. થી વિધિકાર અને કચ્છથી સંગીતકાર પધારશે. સ્નાત્ર મહોત્સવના લાભાર્થી માતુશ્રી પાનબાઈ દેવરાજ રાણા તથા આશાબેન હીરજી દેવરાજ દેઢિયા કોટડા રોહા ગોરેગામ તથા ધજાના લાભાર્થી મંજુલાબેન વસંતલાલ લાપસીયા કોડાય-ગોરેગામ છે.

## ચતુર્થ સમ્મેલન સંદર્ભે વિવિધ સ્થળે સેમિનારોનું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરના નલિયા મુકામે યોજાનારા ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવા વિવિધ સ્થળોએ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગત નીચે છે.
તા.૨૦-૮-૧૮ ના હુબલી, તા.૨૧-૮-૧૮ ના બેંગ્લોર, તા.૨૨-૮-૧૮ ના કોઈમ્બતુર, તા.૨૩-૮-૧૮ ના કોચીન.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | 13 વખત/3 મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# Hattrick Moment Of 2017-18

insurancekhoj.com™
the ultimate stop for insurance ™








TATA AIG INSURANCE
WITH YOU ALWAYS

*Top -10*
*In*
*Emrald Club*
*TATA AIG GIC*

IFFCO-TOKIO
GENERAL INSURANC
Muskurate Raho

*1st in West Zone*
*Highest*
*Premium Collection*
*IFFCO - TOKIO GIC*

digit

*3rd In All India*
*Highest*
*Premium Collection*
*Digit Insurance*

## સર્વ ગ્રાહકો, મિત્રો અને શુભેચ્છકોના
## અમો આભારી છીએ

*Yashodhan Karani - 9821137737 • Deepak Karani - 9821082664*

# Karani

insurancekhoj@gmail.com • 9004999900
# 404 BPS Plaza, Devidayal Road, Mulund West, Mumbai-80

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચતુર્થ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine